પ્રેરણા વિદ્યાલય ક્રિકેટ સ્પર્ધામાં વિજેતા

સ્પોર્ટ્સ ઑથોરીટી ઑફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લાની સ્વામી વિવેકાનંદ હિલ્ડ શીલ્ડ ક્રિકેટ સ્પર્ધામાં સેમી ફાઈલનમાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સેકટર-૮ને તેમજ, ફાઈનલ ઝોન લેવલની વિજેતા હિલવુડ હાઈસ્કૂલ સેકટર-૨૫ ને હરાવી પ્રેરણાની ટીમે વિજય મેળવ્યો છે. ટ્રસ્ટી શ્રી પ્રદિપસિંહ બિહોલાએ તથા આચાર્ય સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રદ્ધા સોસાયટીનાં બાળકોએ નવરાત્રી પર્વની ઉજવણી કરી

બાળકોને પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેક્ટર-૨ બી ખાતે સ્થિત શ્રદ્ધા સોસાયટીમાં બાળકો દ્વારા નવરાત્રી પર્વની ખૂબ જ હર્ષોલ્લાસ અને આયોજનબદ્ધ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

શ્રદ્ધા સોસાયટીના બાળકોએ નવરાત્રી પર્વના પ્રથમ દિવસે મા આદ્યશક્તિનો ગબ્બર બનાવી, મા આદ્યશક્તિની સ્થાપના કરી દરરોજ આરતી, વંદના, પૂજા સાથે ગરબાની રમઝટ ચલાવી હતી. નવેય નોરતા બાળકો, યુવકો, વડીલો અને વૃદ્ધો પણ સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા.

સમગ્ર નવરાત્રી મહોત્સવમાં અરવિંદભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ, પ્રવીણભાઈ મેવાડા, રાજેશભાઈ મોદી, કમલેશભાઈ ચૌધરી અને નાગજીભાઈ ચૌધરી દ્વારા આયોજક બાળકોને ખાસ સહકાર આપવામાં આવ્યો હતો. ખેલૈયાઓને આ પ્રસંગે પ્રોત્સાહન સ્વરૂપે ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં.

નવરાત્રી પર્વ નિમિત્તે સે. ૨૧ ખાતે કાર્યરત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમ્યા હતા. શાળાએ પોતાની પરંપરા મુજબ મધર મેરીની તસવીરની સ્થાપના કરીને એમના ગરબા ગાવાનો કાર્યક્રમ યોજ્યો હતો. (તસવીર : કમલેશ શાહ)

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ટીમ સોફટબોલ સ્પર્ધામાં રનર્સ અપ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની મહિલા ટીમ તાજેતરમાં સોફટબોલ સ્પર્ધામાં રનર્સ અપ બની હતી. ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન વિભાગ ઈન્ટર કોલેજ સોફટબોલ બહેનોની સ્પર્ધા તાજેતરમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના યજમાનપદે યોજાઈ હતી. જુદી જુદી કોલેજની ટીમોએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ટીમ ખૂબ જ સુંદર દેખાવ કરી સાઉથ ઝોન રનર્સઅપ બની હતી. સમગ્ર ટીમના કેપ્ટન આશા ચૌધરી, વાઈસ કેપ્ટન લક્ષ્મી ચૌધરી, પાયલ પટેલ, અર્ચના ચૌધરી, સીમા ચૌધરી, ચંદ્રિકા ચૌધરી, મેથા પટેલ, આશા ચૌધરી, રમીલા શાહ અને ચંદા ચૌધરીને આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

એમ બી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા. ૨૫

એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમ ઉચ્ચત્તર અને માધ્યમિક શાળામાં બીન ગુજરાતી કલ્ચરલ એક્ષચેન્જ કાર્યક્રમ હેઠળ સારા, મઝો, કોરા એ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે માતાજીનું તથા અતિથિઓનું સ્વાગત કર્યું હતું. કેમ્પલ વિદ્યાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે ઘુમ્યા હતા. ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલે તથા અન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા. ગરબે ઘુમ્યા હતા.

મેઘલ એરડા અને અંજના નિમાવતે નિર્ણાયક તરીકે ભૂમિકા બજાવી હતી. જોનભાઈએ સંગીતના સૂર આનંદ કરાવ્યો હતો. આચાર્યશ્રી અર્પિતએ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતનું પેપર સરળ : વિદ્યાર્થીઓએ હાશકારો લીધો

૯ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા : ત્રણ માર્કના દાખલામાં રકમની ભૂલ, પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત અને સરળ

ગાંધીનગર, તા. ૨૫

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાના પ્રારંભે આજે ગણિતનું પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત અને સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. ૧૦૦ ગુણના એમ.પી.જી.માં ત્રણ ગુણના એક દાખલામાં રકમની ભૂલ જોવા મળી હતી. જિલ્લામાંથી ૩,૫૬૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી જ્યારે ૯ ગેરહાજર રહ્યા હતા.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ત્રીજા સેમેસ્ટર અને જૂના કોર્ષની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો. જિલ્લાના ૨૪ કેન્દ્રો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ દિવસે સવારે ૧૦ થી ૧.૩૦ કલાક દરમિયાન લેવાયેલી ગણિતની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ રહેતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જિલ્લામાંથી ૩,૫૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પ્રત્યેક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થીઓ બેસાડવામાં આવ્યા હતા. ૧૦૦ ગુણના જુદા જુદા પ્રશ્નપત્રમાં મોટાભાગના પ્રશ્નો સરળ અને પાઠ્યપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો પ્રારંભ 'ગુડ બિગ્નીંગ ઈઝ હાફ ડ ને જેવો રહ્યો હતો. એમ.સી. ક્યુ.માં એક ત્રણ માર્કસના દાખલાની રકમમાં ભૂલ જોવા મળી હોવાનુ પણ વિષય નિષ્ણાંત જયંતિભાઈ પટેલે જણાવ્યું છે. જૂના કોર્ષની પરીક્ષાઓ પણ ૨૩૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે ૧૯ની હાજરી ઘટી હતી. આ ઉપરાંત હિન્દી આખરમાં પણ ૮૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. અંગ્રેજી માધ્યમમાં પણ ૧૩૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લામાં પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓને બિરદાવતો સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના જીલુભા ધાંધલ અને કુંવરજીભાઈ પટેલે એક સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી અને ભાતીગળ ગ્રામ્ય વાતાવરણ ઉભું કરી આ વર્ષે નવરાત્રી પર્વ ઉજવનાર કલ્ચરલ ફોરમ સાચા અર્થમાં ગુજરાતના સાંસ્કૃતિક વારસાને કાયમી જાળવી રાખતી સંસ્થા છે.

એમાંય આ વખતે છેલ્લા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને પોતાના આંગણે સન્માનીત કરવામાં આવી એ એક ઉત્તમ અને સરાહનીય કાર્ય છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમે આ વર્ષે ભાતીગળ ગ્રામ્ય વાતાવરણ ઉભું કરી ખૂબ જ સારી સગવડો અને સુરક્ષા પૂરી પાડી અલૌકીક ઈશ્વરીય વાતાવરણ ઉભું કરી ગાંધીનગરના જનસમુદાયને અને યુવાધનને જે આનંદ આપ્યો છે તે બદલ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજે તેમની કામગીરીને વંદન કર્યા છે.

નવરાત્રી મહોત્સવ દ્વારા આવા આધ્યાત્મિક વિચારો ઉજાગર કરતા રહો અને ગુજરાતના સાંસ્કૃતિક વારસાને સદા જાળવી રાખવા પ્રેરણાસ્તોત્ર બનો તેવી પ્રભુ પ્રાર્થના સાથે સૌએ અભિનંદન પાઠવ્યા છે.

સાંસ્કૃતિક ક્ષેત્ર ગાંધીનગરનું યુગ્મ ખંડિત

૨૦મી સદીના ઉત્તરાર્ધમાં ગાંધીનગરના સાંસ્કૃતિક ક્ષેત્રના કલાકારો અ સૌ મનુમતિ શાસ્ત્રી અને ધૃવકુમાર શાસ્ત્રીની જોડમાં સૌ મનુમતિબેનનું સોમવાર તા. ૧૫-૧૦-૨૦૧૨ના રોજ નિધન થયું છે. આ જોડીએ લગભગ છ દાયકાનું પ્રસન્ન દાંપત્યજીવન વિતાવ્યું છે. મનુમતિબેન સુગમ સંગીત ક્ષેત્રના વિશિષ્ટ કલાકાર હતા. વડોદરા રાજ્યના ડાયમંડ જ્યુબિલી રેડિયો સ્ટેશન ઉપર સન ૧૯૪૬માં કાર્યક્રમો આપવાની શરૂઆત કરેલી. તે છેક પચાસ વર્ષ સુધી આકાશવાણી, અમદાવાદ, વડોદરા પર પણ તેમનો મધુર કંઠ વહાવ્યો હતો. ગાંધીનગરની શિવરંજની સંસ્થાની સ્થાપના અને તેની માવજતમાં તેમનો સિંહફાળો નકારી ન શકાય. ગાંધીનગરમાં ચાલતી અનેક કલા પ્રવૃત્તિમાં મનુમતિબેન સક્રિય રીતે જોડાયેલાં હતાં. મનુમતિબેન સેક્ટર-૧૬ની ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષિકા તરીકે સન ૧૯૯૦ સુધી સેવાઓ આપતા હતા. અને તે દરમ્યાન શાળાની ગરબા મંડળીએ તેમના માર્ગદર્શન હેઠળ રાજ્યકક્ષાએ અવારનવાર પારિતોષિકો મેળવેલ હતા. માધ્યમિક શાળાના ગરબાની પસંદગી અને ગૂંથણીમાં મનુમતિબેનની સંગીતની ઊંડી સૂઝ અને આવડતની ચોક્કસ નોંધ લેવાતી હતી. રાજ્યના સંગીત સંમેલનો, સંગીત શિબિર, ગરબા શિબિર જાણે મનુમતિબેન વગર અધૂરી રહેતી.

ધૃવકુમાર શાસ્ત્રી એટલે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનું મૂળ. આજે જે વિભાગ ફુલ્યોફાલ્યો છે તેમાં ધૃવકુમારભાઈની અથાગ મહેનતરહેલી છે. પરંતુ ધૃવકુમારભાઈ સંગીત નૃત્ય નાટ્ય અકાદમીના મુખ્ય અધિકારી તરીકે આવતાં તેમજ સમયે મમતામયી માતાની ભૂમિકાને પ્રાધાન્ય આપી મનુમતિબેને તેમની કલાપ્રવૃત્તિ અંગત અને સીમિત કરેલ. આજે પણ ગાંધીનગરની શાળાના એક સફળ, પ્રતિભાવાન, સૌમ્ય શિક્ષિકા તરીકેની તેઓની છાપ અકબંધ છે. તેમના અવસાનથી કલાને સમજનારી એક વ્યક્તિની ખોટ તો પડી જ છે. તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

ગાંધીનગર જિલ્લાના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો અભ્યાસ વર્ગ સંપન્ન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા બલરામ ભવન ખાતે જિલ્લાના કાર્યકર્તાઓ માટેનો અભ્યાસ વર્ગ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો

જિલ્લાના કાર્યકર્તાઓને એ.બી.વી.પી.નું કામ કરવા માટે એ.બી.વી.પી.ની સમજૂતી, વિશિષ્ટ કાર્ય પદ્ધતિ, કેમ્પસ વર્કીંગ, એ.બી.વી.પી.ના કાર્યક્રમો વગેરે વિષયો પર પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. શિક્ષણ વર્ગમાં ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી શરદજી ચૌહાણ, પ્રદેશમંત્રી દર્શનભાઈ મુંજાલ તથા પ્રવાસી કાર્યકર્તા રવિભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર અભ્યાસ વર્ગના અંતે પ્રદેશ મંત્રી દર્શનભાઈ દ્વારા કલોલ શાખા કારોબારી, ગાંધીનગર જિલ્લા સમિતિ અને ગાંધીનગર નગરસમિતિની ઘોષણા કરવામાં આવી હતી. ગાંધીનગર નગરસમિતિમાં પ્રમુખ તરીકે પાર્થભાઈ ઠકકર અને સહપ્રમુખ તરીકે ગિરીશભાઈ વાઘેલાની ઘોષણા કરવામાં આવી હતી. કલોલમાં ફાલ્ગુનભાઈ મિસ્ત્રીને મંત્રી તરીકે ઘોષિત કર્યા હતા. આ ઉપરાંત વિશેષરૂપે પ્રાધ્યાપક વિરલભાઈ બોરીસાગર અને પ્રાધ્યાપક કિરીટભાઈ અને મેહુલભાઈ પ્રજાપતિએ સમગ્ર કાર્યકર્તાઓને જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

સરદાર જયંતિ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ધી હેલ્પિંગ હેડન્સ ગ્રુપ દ્વારા તા.૩૧મી ઑકટોબરે સરદાર પટેલ જયંતિ નિમિત્તે બ્લડ ડૉનેશન અને વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. વકૃતત્વ સ્પર્ધાનો વિષય સ્વતંત્ર સેનાનીને સંબંધિત રહેશે. જે સ્પર્ધકે પસંદ કરવાનો રહેશે. ઈચ્છા ધરાવનારે પાર્થ ઠક્કરનો મોબાઈલ નં ૯૬૦૧૧૧૨૪૧૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે વિજ્ઞાન, ગણિત પ્રદર્શનમાં માધ્યમિક વિભાગમાંથી વિદ્યાર્થીઓની બુધ્ધિને ખીલવવા માટે 'વે બ્રીજ ટુ માઈન્ડ' ગેઈમ કૃતિ જિલ્લાએ પસંદગી પામેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી અને મનોરંજન મંત્રીશ્રી ગીતાબેન અને વર્ષાબેને વિજેતાઓને અભિનંદન આપ્યા હતા.

શબ્દ યોગ સધાતાં જ શબ્દ સાથે સંબંધિત અર્થોની વિશાળ સૃષ્ટિ સ્પષ્ટ થવા લાગે છે

એક શબ્દ: સમ્યક જ્ઞાત: શ્રુતો વા સ્વર્ગ લોકે કામધુક ભવતિ ॥

માત્ર એક જ શબ્દનું સમ્યક પ્રકારે થયેલું જ્ઞાન કે શ્રવણ પૃથ્વી પર તથા સ્વર્ગમાં કામધેનુ સમાન ફળદાતા છે.

ભગવાન શંકરાચાર્યનું આ વિધાન ઊંડી ગવેષણા માંગી લે તેવું મર્મ સ્પર્શી તથા ગહન છે. માત્ર એક શબ્દ. આ પદનો સત્યાર્થ જાણવો અતિ મહત્વની બાબત છે. 'પદ'નો સત્યાર્થ આપણા ચિત્તમાં સ્પષ્ટ થયા તે માટે તે 'શબ્દ'નું સતત ચિંતન, મનન તથા નિદિ ધ્યાસન કરવું જોઈએ. પૂર્ણ ભક્તિ, અપરંપાર શ્રદ્ધા, દૃઢ આસ્તિકતા તથા સર્વસ્વ સમર્પણનો ભાવ જાગૃત થતાં જ શબ્દનું સત્ય જ્ઞાન સહજ ભાવે પ્રાપ્ત થાય છે. ગુરૂદેવ ટાગોર શબ્દને લજ્જાળુ નારી સાથે સરખાવે છે. લાબાં સમયના અનુનય વિનય પછી જ તે પોતાના મુખ પરનો ઘુંઘટ હટાવી લે છે. ને તેના સાચા સ્વરૂપનું દર્શન થતાં દર્શકનું મન પ્રકાશથી ભરાઈ જાય છે.

શબ્દ ને તેના પુરા અર્થમાં ગ્રહણ કરવો એ જાગૃકતાની નિશાની છે. શબ્દને સંન્યાસ્ત ભાવથી સાંભળવો જોઈએ તેમ વેદમાં જણાવ્યું છે. સંન્યાસ ભાવના એટલે જે સમ્યે જે વાત સાંભળતા હોઈએ તેના પર જ લક્ષ્ય કેદ્રિત થવું જોઈએ. તે સિવાયની તમામ વૃત્તિનો ત્યાગ એ સંન્યસ્ત ભાવ કાને પડેલા શબ્દોને તેના પૂર્ણ અર્થ તથા સંદર્ભ સહિત મનમાં ઉતારવા માટે એકાગ્રતા, જાગૃકતા તથા આત્મિયતા અતિ જરૂરી હોય છે. શબ્દ યોગ સધાતાં જ શબ્દ સાથે સંબંધિત અર્થોની વિશાળ સૃષ્ટિ સ્પષ્ટ થવા લાગે છે.

કેટલીક વ્યક્તિઓ વારંવાર કથા સાંભળવા જાય છે. પણ તેઓ માત્ર સાંભળે છે. અને ત્યાંજ તેનો પૂર્ણ વિરામ આવી જાય છે. શબ્દો કાન પરથી પસાર થઈ જાય કથા અંદર ન ઉતરે પરિણામે કથા સુણી સુણી ફૂટ્યા કાન તોય ન આવ્યું આખા બ્રહ્મજ્ઞાન તેવો ઘાટ થાય છે. જ્યાં સુધી ચિત્તમાં પ્રકાશ ન પથરાય. કરુણા તથા મુદ્રિતાના ભાવો ન જન્મે, ત્યાં સુધી શીખ્યું, સાંભળ્યું સઘળું ફોક શ્રવણ વૃથા ગયું.

આચાર્યશ્રીએ તો 'શબ્દનું સમ્યક જ્ઞાન' તેમ જણાવ્યું છે. 'સમ્યક' પદ પારિભાષિક અર્થ ધરાવે છે. આચાર્યની દૃષ્ટિએ શબ્દ એટલે ઉપનિષદના મહાવાક્યો માટે જ તેઓ કહે છે મહાવાક્યનું અનુસંધાન સાધવું જોઈએ. આ મગા મહાવાક્યોમાં 'અહમ બ્રહ્માસ્મિ', 'તત્વમસિ', સોડહમ, 'અયેં આત્મા બ્રહ્મ' ઈત્યાદિ વાક્યઓનો સમાવેશ થાય છે. તેનું અનુસંધાન કરવું એટલે કે શબ્દનું રહસ્ય પામી શકાય છે. યોગ્ય સમય પર યોગ્ય વ્યક્તિ દ્વારા પ્રયોજાયેલો યોગ્ય શબ્દ જ સફળ થાય છે. પણ અયોગ્ય સમયે અયોગ્ય વ્યક્તિ દ્વારા ભલે સાચી વાત કહેવાઈ હોય તો પણ નિષ્ફળ જાય છે. સાંભળવા માટે અનુસ્તુક શ્રોતા આગળ કહેવાયેલી વાતો અસરકારક નથી થતી. મહાભારત પ્રમાણે તો વાચ: તથૈવ વ્યકતવ્યં- યત્રોક્ત સફલં ભવેત। 'જો સફળ થવાનો સંભવ હોય તો જ વાણી ઉચ્ચારવી' યોગ શબ્દો અમૃતરસનું પાન કરાવતા હોય છે. તેના પ્રભાવે સમગ્ર સંસારમાં નવિનતમ ભાવ સાથે સતત સ્મરણ કરવું. સતત સ્મરણ તથા રટણ આપણા ચિત્તમાં જ્ઞાનછાટા જન્માવે છે. ને જ્ઞાન ઉદય થતાં આ તમામ બ્રહ્મ જ છે તેવું પ્રતિપાદન થાય છે.

સર્વ લોક આત્મા સ્વરૂપે જણાય છે હું પણ એ જ આત્મા છું સચરાચર વિશ્વમાં મારાથી ભિન્ન કશું નથી તેવું સહજ ભાન થતાં ચિત્ત આનંદથી ભરાઈ જાય છે. સર્વ કલેશોનું કારણ ભેદ દૃષ્ટિ જ છે તે સત્ય સમજાતાં સમતા પ્રાપ્ત કરવા યોગ્ય તથા વિષમતા ત્યાગવા યોગ્ય છે તેવો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

શબ્દને શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. બ્રહ્મની પ્રાપ્તિ અતિ કઠિન છે. કર્મ- જ્ઞાન તથા ભક્તિના યોગે કરીને બ્રહ્મના માર્ગ પ્રગતિ સાધી શકાય છે. તેમ પ્રતિભા તથા પ્રજ્ઞાના યોગથી ચૈતન્ય ફરી વળે છે. ચિત્તમાં શબ્દ બ્રહ્મનો ઉદય થતાં દિવ્ય સંગીત સંભળાય છે. તેના પ્રભાવે સંસાર ભર્યો ભર્યો લાગે છે. આ સંગીતને યોગીઓ નાદ બ્રહ્મ કહે છે. 'આયૌ ભગવાન શબ્દરાશી:' સૃષ્ટિના પ્રારંભે પરમાત્મા તત્વ ૐ માં વ્યકત થયું હતું. આથી ૐ ને પણ શબ્દ કહેવામાં આવે છે. ૐ પૃથ્વીપરનો પ્રથમ શબ્દ મનાય છે. તેને પ્રણવમંત્ર પણ કહે છે. ધર્મ શાસ્ત્રોમાં ૐ ને પરમાત્મા સ્વરૂપ માની તેની ઉપાસનાની વિધી દર્શાવાઈ છે. 'છાંદોગ્ય- ઉપનિષદ'માં આ અંગે વિસ્તૃત ચર્ચા છે. મધ્યકાલીન સંત કવિ કબીર પણ ' ૐ' ને પ્રથમ શબ્દ માનતા કહે છે. પહલે પહલે શબ્દ હુઆ ઓંકારા ને સોરઠી સંતો પણ પેલે પેલે શબ્દ થયા રણુંકારા જેવો પડઘો પાડે છે. સ્ત્રી સંત લોયણા 'ૐ'કારને મૂળ વચના કહે છે. ત્યારપછી 'ૐ'કારના અર્થમાં વિવિધ શબ્દો સંતો પ્રયોજે છે. તેમાં ગુરૂએ અપનાવ્યું. આના કરતાં સચોટ ઉદાહરણ સંત જ્ઞાનેશ્વરનું છે. લગ્નના મંડપમાં બેઠા છે. લગ્નના ગીતો ગવાય છે ત્યાં ગોર મહારાજે બૂમ પાડી 'કન્યા પધરાવો સાવધાન.. આ સાવધાન શબ્દ સાંભળી જ્ઞાનેશ્વર સાવધાન થઈ ગયા. લગ્ન મંડપ તત્કાલ છોડી રવાના થઈ ગયા અને સંત બન્યા. આપણા હવે અતિ જાણીતા તુલસીદાસ... રત્નાવલીએ કહ્યું 'આ હાડ આમ તો બહુ ચુંથ્યા હવે તો જાગો..'ને તુલસીદાસના મનમાં પ્રકાશ પથરાયો. તુલસ જનક ઘાસ બન ગયે તુલસીદાસ.. આખા ભારતને અને હવે તો પુરા વિશ્વને રામકથા ગંગામાં સ્નાન કરાવ્યું...થોડા વધારે નજીક આવીએ ગોરાઓને ગાંધીજીને કુલી કહ્યા. ગાંધીજીને અપમાન હાડોહાડ લાગી ગયું. સાથે આંતરવેદના થઈને સાદા ગાંધી મહાત્મા ગાંધીમાં પલટાયાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. એ જમાનામાં આઈ.સી.એસ. પરીક્ષા પાસ કરી કલેકટર થવા ઈચ્છતા સુભાષબાબુએ નોટીસ વાંચી **Dogs and Indians are not allowed** અમલદાર થવા ઈચ્છાતા સુભાષનું જીવન પલટાઈ ગયું એ ક્રાંતિકારી થઈ ગયા. ગુજરાતના અમૃતલાલ ઠક્કર- તેણે હરીજનોને ગંદા ખાડામાંથી પાણી ભરતા તથા પીજા જોયા. પૂછ્યું તો કહે, અમારું કોઈ ઘણી નહિને પોતાનો હોદ્દો છોડી અમૃતલાલ તેની સેવામાં લાગ્યા ગુજરાતના ઠક્કરબાપા બન્યા. જિલ્લાની પ્રજાને ચોરટા કહેનાર સામે રવિશંકર મહારાજે જંગ ચલાવ્યો ને સૌના મહારાજ બન્યા. સંતોના શબ્દે ધંધાપાણઈ છોડનાર સેવામાં લાગનાર અનેક વ્યક્તિઓ ગામડે ગામડે મળશે. આમાંના કોઈને છત્રપલંગ નથી મળ્યો. સોનાનો બાજોટને મનભાવતા મિષ્ટાન્નના થાય નથી મળ્યા. એ સ્થૂલ પદાર્થો આપી શકે તે કરતાં લાખો ઘણું વધારે તેઓએ પ્રાપ્ત કર્યું છે. તે છે તેમના મનનો સંતોષ. અંતરનાં આનંદ- એક કામધેનુ. એજ કલ્પવૃક્ષને તે જાગરણ માટે મેઘાણીએ લખ્યું 'શબ્દનો વિધાયો- સદાયે જાગીયો.. યો જાગાર: તમુચ કામયન્તે' (સામવેદ)

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ